અષાઢી સાતમે સુરત તાપીમય બની ગયું

વિવિધ ઓવારાઓ પર હજારો શ્રદ્ધાળુઓ ઊમટ્યા

દૂધ, દીવો, ચૂંદડી અને સાડી અર્પણ કરી સુરતીઓએ આશીર્વાદ મેળવ્યાં

સુરત: સુરત શહેરની જીવાદોરી અને આસ્થાનું કેન્દ્ર ગણાતી પવિત્ર મા તાપીની સાલગીરી નિમિત્તે અષાઢી સુદ સાતમના અવસરે સોમવારે સમગ્ર શહેરમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ તાપી નદીના વિવિધ ઘાટો અને ઓવારાઓ પર હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ભક્તોએ માતા તાપીના દર્શન કરી દૂધાભિષેક, પૂજન-અર્ચન, દીપ પ્રગટાવી તેમજ ચૂંદડી, સાડી, ફૂલહાર, શ્રીફળ સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી શહેરની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

સાંજના સમયે અનેક ઘાટો પર ગંગા આરતીની તર્જ પર મહાઆરતી યોજાતા સમગ્ર તાપી કિનારો ભક્તિમય બની ગયો હતો. જહાંગીરપુરા કુરુક્ષેત્ર ધામ ખાતે કુરુક્ષેત્ર સ્મશાન જીર્ણોદ્ધાર ટ્રસ્ટ દ્વારા મોટા સૂર્યોદય ઘાટ પર વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સવારે ૯ વાગ્યે માતા તાપીને ૧૧૦૦ મીટરની ચૂંદડી અર્પણ કરવામાં આવી હતી, જે શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. બીજી તરફ પાલ ઓવારા ખાતે પણ ભક્તોએ માતા તાપીને ૫૦૦ મીટરની ચૂંદડી અર્પણ કરી અનોખી ભક્તિ વ્યક્ત કરી હતી. શહેરના વિવિધ સેવાભાવી મંડળો અને સંસ્થાઓ દ્વારા પ્રસાદ વિતરણ, પીવાના પાણી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. માતા તાપીના જયઘોષ, ભજન-કીર્તન અને આરતીના સ્વરોથી સમગ્ર તાપી કિનારો ગુંજી ઉઠ્યો હતો. મોટી સંખ્યામાં પરિવારો દર્શનાર્થે પહોંચ્યા હતા

પાંચસો મિટર લાંબી ચૂંદડી



(તસવીર : સતીષ જાદવ, હેમંત કેરે)

ચૂંદડી પધરામણીમાં વિદ્યાર્થિનીઓ જોડાઈ

ઉજ્જૈનની તર્જ પર આરતી કરાઈ

દરેક ઓવારે ભીડ

તાપી મૈયાને પુષ્પાંજલિ

વરાછા બ્રિજ પર ટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં રેપિડો ચાલકનું મોત

સ્ટ્રીટ લાઇટ્સ બંધ હોવાથી બ્રિજ પર અંધારું, મુસાફર ગંભીર રીતે ઇજાગ્રસ્ત

સુરત: શહેરના વરાછા ઓવરબ્રિજ પર વહેલી સવારે સર્જાયેલા અકસ્માતમાં રેપિડો ચલાવતા યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલો મુસાફર ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત સમયે ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઇટો બંધ હોવાથી અંધારું હતું અને રસ્તા પર બંધ હાલતમાં ઊભેલી ટ્રક પાછળ કોઈ બેરિકેડ કે ચેતવણીનું નિશાન ન મૂકાયું હોવાની વિગતો બહાર આવતાં અકસ્માત અંગે અનેક સવાલો ઊભા થયા છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભદ્રામલી ગામના વતની અને હાલ અમરોલી-છાપરાભાઠા રોડ પર આવેલા રિલાયન્સ નગરમાં રહેતા 32 વર્ષીય વિજુસીંગ શંકુજી સોલંકી રેપિડો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં પત્ની, એક પુત્ર અને એક પુત્રી છે. સોમવારે વહેલી સવારે અંદાજે પાંચ વાગ્યે વિજુસીંગ સરથાણા વિસ્તારમાંથી 21 વર્ષીય આશિષ વિનુભાઈ ભોઈ (રહે. ધરમપુર, જિ. વલસાડ)ને બાઈક પર બેસાડી સુરત રેલવે સ્ટેશન તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન વરાછા ઓવરબ્રિજ પર બંધ હાલતમાં ઊભેલી ટ્રકની પાછળ તેમની બાઈક અથડાઈ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા વિજુસીંગને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જ્યારે આશિષને ગંભીર ઇજા થતાં વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

કારના સાઈલેન્સર ચોરીના ક્લેઈમની ફરિયાદ ગ્રાહક કોર્ટે ફગાવી દીધી

સુરત: સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)એ કારના સાઈલેન્સરની ચોરીના વીમા દાવાને લઈને દાખલ કરાયેલી ગ્રાહક ફરિયાદ ફગાવી દીધી હતી. ફરિયાદી યાસીન જાફર સૈયદની ગાડીના સાઈલેન્સરની ચોરી થતાં રૂ. ૭૨ હજારનો ક્લેઈમ કર્યો હતો. જે ક્લેઈમ વીમા કંપનીએ નકારતાં વીમા કંપની સામે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. વીમા કંપની તરફે એડવોકેટ દર્શન શાહ હાજર રહ્યાં હતાં જ્યારે સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે કોઈ જ રજૂઆત થઈ ન હતી. ફરિયાદીએ પોતાની કારનું સાઈલેન્સર ચોરી થયું હોવાનો દાવો કર્યો હતો, પરંતુ કોઈ પુરાવા કે દસ્તાવેજો રજુ કર્યાં ન હતાં. જ્યારે કંપની તરફથી સાયલેન્સર અસલ હોવાનો સર્વે રિપોર્ટ તથા અન્ય પુરાવાઓના આધારે સાઈલેન્સરની ચોરી થઈ ન હોવાની રજૂઆત કરી હતી.

ગાંધીનગર-મુંબઈ વચ્ચે સાંજની વંદે ભારત ટ્રેન શરૂ કરવા માંગ

ધારાસભ્ય સંગીતાબેન પાટીલે રેલવે મંત્રીને પત્ર લખ્યો

સુરત: ગાંધીનગર મુંબઈ વચ્ચે સાંજની વંદેભારત ટ્રેન શરૂ કરવા સુરતના લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટીલે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિન વૈષ્ણવને એક પત્ર લખી આ માંગણી કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે દેશનું સૌથી વ્યસ્ત અને મહત્ત્વનું આર્થિક રેલવે નેટવર્ક આવેલું છે, જ્યાં રોજબરોજ હજારો બિઝનેસ પ્રોફેશનલ્સ, સરકારી અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ અવરજવર કરે છે. હાલમાં આ રૂટ પર ઘણી ટ્રેનો ઉપલબ્ધ છે, પરંતુ સાંજના સમયે કોઈ હાઈ-સ્પીડ પ્રીમિયમ ટ્રેન ઉપલબ્ધ નથી, જેના કારણે મુસાફરો દિવસભરનું પોતાનું કામ પતાવીને રાત્રે આરામદાયક સફર કરી શકતા નથી. જો સાંજના સમયે ગાંધીનગરથી નવી વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવે તો તે રાજ્યના પાટનગર સહિત અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મોટા વ્યાપારી શહેરોના મુસાફરો માટે અત્યંત અનુકૂળ સાબિત થશે અને લોકો દિવસના કામના કલાકોનો પૂરો ઉપયોગ કરીને રાત્રે આરામથી મુંબઈ પહોંચી શકશે.

સમય બચે તે માટે મર્યાદિત સ્ટોપેજ સાથે ટ્રેન શરૂ કરવા માંગ

પત્રમાં અંતે રજૂઆત કરવામાં આવી છે કે મુસાફરોનો સમય બચે તે માટે આ ટ્રેનને મર્યાદિત સ્ટોપેજ સાથે દોડાવવામાં આવે જેથી કનેક્ટિવિટી વધુ ઝડપી અને સક્ષમ બની શકે. આ રૂટ પર મુસાફરોની સતત ઊંચી માંગને જોતા, સાંજની વંદે ભારત ટ્રેન આર્થિક વિકાસને વેગ આપશે અને વર્તમાન વંદે ભારત સેવાઓની પૂરક બનશે.

23 જુલાઈએ લિંબાયત-ઉધના ઝોનમાં પાણીકાપ

સુરત: દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલા ડિંડોલી જળ વિતરણ મથકના કેમ્પસમાં 11 કે.વી. વીજ પુરવઠા લાઈન પર 'ઓગ' ઈન્સ્ટોલેશન અને મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી તા. 23 જુલાઈ, 2026ના રોજ સવારે 10:30 કલાકથી સાંજે 5:00 કલાક સુધી હાથ ધરાશે. આ દરમિયાન ડિંડોલી પમ્પિંગ સ્ટેશન પરથી થતો પાણી પુરવઠો બંધ રહેશે અથવા અત્યંત ઓછા પ્રેશરથી મળશે. આ ટેકનિકલ કામગીરીને કારણે લિંબાયત, ઉધના-એ અને ઉધના-બી ઝોનના રહેણાંક તેમજ ઔદ્યોગિક વિસ્તારોમાં પાણી પુરવઠા પર સીધી અસર પડશે. અનેક ઓવરહેડ ટાંકીઓ હેઠળ આવતા વિસ્તારોમાં સાંજના સમયે પાણી નહીં મળે અથવા ખૂબ ઓછા દબાણથી મળશે. નાગરિકોને અગાઉથી જરૂરી પાણીનો સંગ્રહ કરી લેવા તેમજ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી છે.

ઇમરજન્સીમાં સારવાર કરવાને બદલે OPDમાં મોકલાયેલી તરુણી ઢળી પડી

108માં લવાઇ હોવા છતાં ઇમરજન્સીમાં સારવાર શરુ નહીં કરી

સુરત: નવી સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં સારવાર માટે લવાયેલી 16 વર્ષની તરુણીને પ્રાથમિક સારવાર આપવાના બદલે મેડિસિન વિભાગની ઓપીડીમાં મોકલી દેવામાં આવી હતી. ઓપીડી તરફ જતી વખતે તરુણી અચાનક બેભાન થઈ જમીન પર ઢળી પડતાં હોસ્પિટલમાં દોડધામ અને હોબાળો મચી ગયો હતો. બાદમાં તેને ફરી ઇમરજન્સી વિભાગમાં લઈ જઈ સારવાર આપ્યા બાદ વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં રહેતા યોગેન્દ્રસિંહ રાજપૂત એમ્બ્રોઇડરીના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેની 16 વર્ષની પુત્રી મુસ્કાન છેલ્લા કેટલાક દિવસોથી તાવ અને પેટના દુખાવાથી પીડાઈ રહી હતી. સ્થાનિક સ્તરે સારવાર લીધા છતાં સોમવારે સવારે તેની તબિયત વધુ લથડતાં પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સ મારફતે તેને નવી સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં ખસેડી હતી. પરિવારના આક્ષેપ મુજબ, ઇમરજન્સીમાં ફરજ પરના રેસિડેન્ટ ડોક્ટરે જરૂરી સારવાર શરૂ કરવાને બદલે દર્દીને મેડિસિન વિભાગની 12 નંબરની ઓપીડીમાં મોકલી આપી. ત્યારબાદ કેસ પેપર કાઢવાની પ્રક્રિયા દરમિયાન મુસ્કાનની તબિયત બગડતા ચક્કર આવીને ઢળી પડી હતી. બાદમાં તેને ઇમરજન્સીમાં લઈ જઈ સારવાર આપી વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. ઘટના અંગે નવી સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા ડો. અશ્વિન વસાવાએ જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે માટે સંબંધિત રેસિડેન્ટ ડોક્ટરોને કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સ્કિન વિભાગમાંથી દર્દીને હડધૂત કરાયો!

અન્ય એક કેસમાં ઇમરજન્સી વિભાગમાંથી કેસ પેપર લઈને સ્કિન વિભાગમાં પહોંચેલા દર્દીને ડોક્ટરે તપાસ કે સારવાર આપવાને બદલે "સ્કિન વિભાગના વોર્ડનું કેસ પેપર લઈને આવો" તેમ કહી પરત મોકલી દીધાનો આક્ષેપ થયો છે. દર્દી સારવારની આશાએ સ્કિન વિભાગમાં પહોંચ્યો હતો, પરંતુ ત્યાં તેની હાલત જોવાને બદલે માત્ર કેસ પેપરના નામે પરત મોકલી દેવાતા દર્દી અને તેના પરિવારજનોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી.

યુપીનો વેબડેવલપર જામતારા ગેંગ માટે બોગસ ફાઈલ બનાવતો હતો

APK ફાઇલ જમતારા ગેંગને 10થી 15 હજારમાં વેચાણ કર્યા બાદ રિન્યુઅલ ચાર્જ પણ વસૂલતો હતો

સુરત: સાયબર ક્રાઈમ સેલે ઝારખંડના કુખ્યાત જામતારા સ્થિત સાયબર ઠગ ગેંગ માટે બોગસ APK તૈયાર કરતા સૂત્રધારને કાનપુરથી ઝડપી પાડી 10 દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન ખુલાસો થયો કે માત્ર 11 ચોપડી ભણેલા 18 વર્ષીય આરોપીએ વિવિધ બેંકો અને સંસ્થાઓના નામે 121 જેટલી નકલી APK ફાઈલો બનાવી સમગ્ર દેશમાં અંદાજે રૂ. 64.38 કરોડથી વધુની સાયબર છેતરપિંડીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આરોપી દરેક APK ફાઈલ ગેંગને રૂ. 10 હજારથી 15 હજારના ભાવે વેચતો હતો અને બાદમાં તેના રિન્યુઅલના નામે પણ અલગથી ચાર્જ વસૂલતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

અડાજણ ગણેશ પાર્ક સોસાયટીમાં રહેતા અને જંતુ નાશક દવા અને બિયારણનો વેપાર કરતા નવીનચંદ્ર ઠાકોરદાસ દલાલે પંજાબ નેશનલ બેંકની જ એપ્લિકેશન હોવાનું માની ફાઈલ ડાઉનલોડ કરતા જ તેમના મોબાઈલનો તમામ એક્સેસ હેકર્સ પાસે જતો રહ્યો હતો. ગઠિયાઓએ નવીનચંદ્રની જાણ બહાર તેમના પ્રાઈમ કો-ઓપરેટિવ બેંકના ખાતામાંથી રૂ. 5,00,000 યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાં ટ્રાન્સફર ગઈ ગયા હતા. ભોગ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સાયબર સેલની ટીમે ટેક્નિકલ વર્કઆઉટ કરી ફાઈલ ડેવલોપરનું લોકેશન ઉત્તરપ્રદેશના કાનપુરનું હોવાનું શોધી કાઢ્યું હતું. સુરત પોલીસની એક ટીમે કાનપુરની હોટલમાં દરોડા પાડી 18 વર્ષ અને 6 મહિનાની ઉંમરના આરોપી રોહિત વિરેન્દ્રસિંઘ શાક્ય (રહે. નાગલા પટવારીયન, તા. પટયાલી, જિ. કાસગંજ, યુ.પી.)ની ધરપકડ કરી હતી.

કઈ એપથી કેટલાનું ફ્રોડ થયું??

સાયબર ક્રાઇમ પોલીસના આંકડા મુજબ વિવિધ નકલી APKના માધ્યમથી સૌથી વધુ છેતરપિંડી RTO Challan APK મારફતે થઈ છે. આ એપ્લિકેશનના નામે 34,486 ડેબિટ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. 27.82 કરોડથી વધુની છેતરપિંડી નોંધાઈ છે. જ્યારે SBI APK મારફતે 3,560 ટ્રાન્ઝેક્શનમાં રૂ. 14.34 કરોડ, PNB APK દ્વારા 4,531 ટ્રાન્ઝેક્શનમાં રૂ. 7.16 કરોડ, Axis APK દ્વારા 1,903 ટ્રાન્ઝેક્શનમાં રૂ. 3.57 કરોડ અને BigBasket APK મારફતે 856 ટ્રાન્ઝેક્શનમાં રૂ. 2.56 કરોડની ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલમાં કરાટે ચેમ્પિયનશિપ યોજાઈ

સુરત: તાજેતરમાં 'ગોજુ રિયો ઓકિનાવનકાન સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૬'નું એક આયોજન ધ રેડિયન્ટ વર્લ્ડ સ્કૂલ સુરત, નરથાણ ખાતે કરવામાં આવ્યું હતુંહતું. જેમાં સુરત,અમદાવાદ, નવસારી, ભરૂચ અને બારડોલીની વિવિધ ૫ જિલ્લાના નામાંકિત શાળાઓના આશરે ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ખાસ જાપાનથી પધારેલા સેન્સે જુન્યા તાકાહાંસી ઉપસ્થિત રહ્યા હતાઅને પ્રેરણાદાયી ભાષણ આપ્યું હતું. ચેમ્પિયનશિપમાં રેડિયન્ટ સ્કૂલના અંડર- ૮ (બોયઝ / ગર્લ્સ) [૨૦ KG]: ગોલ્ડ : ૦૧, સિલ્વર: ૦૧ , બ્રોન્ઝ: ૦૩, અંડર- ૮ (બોયઝ / ગર્લ્સ) [૨૫ KG]: ગોલ્ડ : ૦૧, બ્રોન્ઝ: ૦૧,● અંડર- ૮ (બોયઝ / ગર્લ્સ) [૩૦ KG]: ગોલ્ડ : ૦૨, સિલ્વર: ૦૧ , બ્રોન્ઝ: ૦૨, અંડર- ૧૨ (બોયઝ / ગર્લ્સ) [૨૫ KG]: સિલ્વર: ૦૧ , બ્રોન્ઝ: ૦૧, ● અંડર- ૧૨ (બોયઝ / ગર્લ્સ) [૩૦ KG]: સિલ્વર: ૦૧, બ્રોન્ઝ: ૦૧,, અંડર- ૧૨ (બોયઝ / ગર્લ્સ) [૩૫ KG]: ગોલ્ડ : ૦૧, બ્રોન્ઝ: ૦૧, ●અંડર- ૧૨ (બોયઝ / ગર્લ્સ) [+૩૫ KG]: ગોલ્ડ : ૦૧, ●અંડર- ૧૪ (બોયઝ / ગર્લ્સ) [૫૦ KG]: સિલ્વર: ૦૧, ●અંડર- ૧૭ (બોયઝ): ગોલ્ડ : ૦૧ જીત્યા હતા. વિજેતાઓને સંચાલક કિશન માંગુકીયા અને કરાટે એસો. દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.

આઈ. વી. પટેલ ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન દ્વારા વિનામૂલ્યે નોટબૂકોનું વિતરણ

સુરત: શ્રીમતી આઈ. વી. પટેલ ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન, લર્નિંગ એન્ડ રિસર્ચ, સુરત ટ્રસ્ટ દ્વારા પ્રારંભિક વિદ્યામંદિર - દોણજા , વર્ગ શાળા - સુરખાઈ, પ્રાથમિક શાળા - ટોરવણ, બુનિયાદી વિદ્યામંદિર - કુકેરી, હળપતિ વાસ - ચાપલધરા તા.ચીખલી, જીલ્લો નવસારીના આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ૧૨૭૫ નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી આઈ.વી.પટેલ ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન, લર્નિંગ એન્ડ રિસર્ચ, સુરત ટ્રસ્ટના ચેરમેન સનીલ પટેલ, સુરતના સામાજિક આગેવાન જયેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ હાજર રહ્યા હતા.

પી. પી. સવાણી આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ દ્વારા ડાંગ જિલ્લામાં નિદાન શિબિર

સુરત: પી. પી. સવાણી આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ, પી. પી. સવાણી યુનિવર્સિટી, કોરાબા દ્વારા તા. 18 અને 19 જુલાઈ, 2026ના રોજ ડાંગ જિલ્લાના ત્રણ શૈક્ષણિક સંસ્થાઓમાં નિ:શુલ્ક આયુર્વેદિક આરોગ્ય નિદાન કેમ્પોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 1,000 વિદ્યાર્થીઓનું વ્યાપક આરોગ્ય નિદાન કરવામાં આવ્યું હતું. જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને ત્રણ દિવસની આયુર્વેદિક દવાઓ સંપૂર્ણપણે વિનામૂલ્યે આપવામાં આવી હતી.

સિટી પોલીસમાં કલ્પેશ ભામરે અને ગ્રામ્યમાં કાયદા અધિકારી તરીકે અશ્વિન જોગડીયાની પસંદગી

સુરત: સુરત રેન્જ હેઠળ કાયદા અધિકારીઓની નિમણૂંક માટે યોજાયેલી પસંદગી પ્રક્રિયામાં સુરતના યુવા ધારાશાસ્ત્રી અને વકીલ કલ્પેશ ભામરેની સુરત સિટી પોલીસમાં કાયદા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહની અધ્યક્ષતામાં રચાયેલી ઇન્ટરવ્યૂ કમિટીએ કાયદા અધિકારીની જગ્યા માટે ઇચ્છુક વકીલોના ઇન્ટરવ્યૂ લીધા હતા. પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કુલ ચાર વકીલોની વિવિધ જિલ્લા પોલીસ કચેરીઓ માટે પસંદગી કરવામાં આવી હતી. તે મુજબ કલ્પેશ ભામરેને સુરત સિટી પોલીસ, અશ્વિન જોગડીયાને સુરત ગ્રામ્ય પોલીસ, સુરેશ કથીરિયાને વલસાડ જિલ્લા પોલીસ તેમજ રવિન્દ્ર ધમદેને તાપી-વ્યારા જિલ્લા પોલીસમાં કાયદા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સાધના અને આરાધના કરવાનો શ્રેષ્ઠ સમય ચાતુર્માસનો છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડી: ગોકુળનગર સ્થિત શ્રી નેમિનાથ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ, મુનિ પ્રીતદર્શનવિજયજી મ., પ્રેમદર્શનવિજયજી મ. આદિ શ્રમણ ભગવંતો અને શ્રમણીગણનાયક આ. રશ્મિરત્નસૂરિજી મ. ના સાધ્વીજી વર્ધમાનરેખાશ્રીજી મ. આદિ શ્રમણી ભગવંતોનો વર્ષાવાસ નિમિત્તે પધરામણી થઇ હતી. પૂજ્યોનું ભવ્ય સામૈયું શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ નવી ચાલથી શરુ થયું હતું. જેમાં સેંકડો ગુરુભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મુંબઇ અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી માનવ મહેરામણ મોટી સંખ્યામાં ઉમટ્યો હતો. ગુરુપૂજન અને કામળી વહોરાવાના ચડાવા બોલવા દ્વારા શ્રમણ-શ્રમણી ભગવંતોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતાં કહ્યું હતું કે, ભીતરની ભીનાશ અને આત્મદ્રષ્ટિને જાગૃત કરવા માટે ચાતુર્માસનો સાધના પ્રભુએ બતાવી છે. પાણી અને વાણીનું પર્વ એટલે ચાતુર્માસ. ભૂમિને ભીની કરવાનું કામ પાણીનું છે અને આત્મભૂમિને ભીની કરવાનું કામ પ્રભુની વાણી કરે છે. સાધના અને આરાધના કરવાનો શ્રેષ્ઠ સમય ચાતુર્માસનો છે.

યોગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભીમરાડની બે દીકરીઓએ સિલ્વર મેડલ મેળવ્યા

સુરત: ૧૧ મી રાષ્ટ્રીય યોગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ગત તા.૧૦ થી ૧૨ જુલાઇ દરમિયાન મંદસૌર (મધ્યપ્રદેશ) ખાતે યોજાઇ હતી. જેમાં ૨૧૫ જેટલા સ્પર્ધકોએ ભાઇઓ -બહેનોએ અલગ-અલગ ગ્રુપમાં ભાગ લીધો હતો, જેમાં સુરતના ભીમરાડ ગામની દીકરીઓ પાશ્રી જયેશભાઇ પટેલ અને તનિષા જયેશ પટેલે સિલ્વર મેડલ મેળવીને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સુરત જિલ્લા, કાંઠા વિસ્તારનું અને ભીમરાડ ગામનું ગૌરવ વધાર્યું હતું. બંને પ્રતિભાશાળી દીકરીઓને કાંઠા વિભાગ યુવા કોળી સમાજ પરિવર્તન ટ્રસ્ટ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

બેંક ઓફ બરોડાનો ૧૧૯મો સ્થાપના દિવસ ઉજવાયો

સુરત: ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક, બેંક ઓફ બરોડા દ્વારા 'લીડરશીપ ઓફ ટ્રસ્ટ'થીમ સાથે તેનો ૧૧૯મો સ્થાપના દિવસ ઉજવાયો હતો. જેમાં કલેક્ટર તેજસ પરમાર અને બેંકના સુરત ઝોનલ હેડ અને જનરલ મેનેજર કૃષ્ણકુમાર સિંહની ઉપસ્થિતિમાં પર્યાવરણીય જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે એક ભવ્ય બાઇક રેલીનું આયોજન કરાયું હતું. રેલીમાં ૧૧૯ બેંક સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક રેલીમાં ભાગ લીધો હતો અને સુરત શહેરના વિવિધ સ્થળોએ 300 વૃક્ષો વાવવામાં આવ્યા હતા. સ્થાપના દિવસ નિમિત્તે, બેંક ઓફ બરોડાએ તેની ઘોડદોડ રોડ, સિટી લાઇટ પરિસરમાં રક્તદાન શિબિરોનું આયોજન કર્યું હતુ આ શિબિરોમાં કુલ 119 યુનિટ રક્તદાન એકત્રિત કરવામાં આવ્યું હતું, કાર્યક્રમોનું સંકલન નિર્મલ પટેલ, ડેપ્યુટી જનરલ મેનેજર ભરતકુમાર ચાવડા, ડેપ્યુટી જનરલ મેનેજર અને મુકેશ નવલ, રિજનલ મેનેજર, રિજનલ ઓફિસ, સુરત સિટી દ્વારા કરવામાં આવ્યું હતું. નિશી અવસ્થી, રિજનલ મેનેજર, રિજનલ ઓફિસ, સુરત સિટી-2, અને અન્ય લોકો ખાસ મદદરૂપ થયા હતા.